ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0



માદરે વતન... - કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ અને સમગ્ર પરિવારે માણસા ખાતે બહુચર માતાજીના મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં ભાગ લઈ ધન્યતા અનુભવી હતી... અમીત શાહે સમગ્ર પૂજન-અર્ચનમાં સતત હાજરી આપી હતી... પાલખીયાત્રા અને મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠામાં તેમના પરિવારે લાભ લીધો હતો...

# આજે શહેરને પાંચમા મેયર મળશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગરપાલિકાને આજે પાંચમા મેયર ૧૨ વાગ્યા પહેલા મળી જશે. ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશનર ડૉ. ધવલ પટેલના અધ્યક્ષસ્થાને મનપાના ત્રીજા બોર્ડની પ્રથમ સામાન્ય સભા ૧૧ વાગે મળશે.

બેઠક માટે સભાખંડને તૈયાર કરી દેવામાં આવ્યો છે. કમિશનરના અધ્યક્ષપદે મળનારી આ પ્રથમ બેઠકમાં પહેલાં મેયરની ચૂંટણી હાથ ધરવામાં આવશે. આ માટે સભ્યો પાસેથી દરખાસ્ત માંગવામાં આવશે. આ પછી જરૂરી પડ્યે મતદાનની પ્રક્રિયા હાથ ધરી અને પરિણામ જાહેર કરી નવા મેયરની વરણી કરવામાં આવશે.

આ પછી ડે. મેયરની ચૂંટણી માટે મેયર દ્વારા નામોની દરખાસ્ત માંગવામાં આવશે અને જરૂર પડ્યે મેયર ડે. મેયરની ચૂંટણી માટે મતદાન હાથ ધરશે.

ત્યારબાદ સ્થાયી સમિતિના ૧૨ સભ્યોની ચૂંટણી થશે. આ માટેના નામો પસંદ થયા પછી તેની વિધિવત્ જાહેરાત કરી સભા પૂર્ણ થયેલી જાહેર થશે.

સામાન્ય સભા પૂર્ણ થયા બાદ સ્થાયી સમિતિની બેઠક સ્થાયી સમિતિના સભાખંડમાં મળશે અને તેમાં પ્રથમ કાર્યકારી અધ્યક્ષ નિમાયા બાદ ચેરમેનની ચૂંટણી હાથ ધરાશે અને પરિણામ જાહેર થયા બાદ બેઠક સંપન્ન થશે.

## નવા મેયર કોણ - ચર્ચા ચારેકોર

**મનપામાં પાંચ જેટલી નવી સમિતિઓની રચના પૂર્વે તેના નિયમો દિપાવલી પછીની સામાન્ય સભામાં રજુ કરી રચના કરાય તેવા સંકેત : સ્થાયી સમિતિમાં દરેક વોર્ડને પ્રતિનિધિત્વ આપવાની વિચારણા : ૫૦ ટકા મહિલા સદસ્યો સ્થાયી સમિતિમાં હશે**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર-ડે. મેયર અને સ્થાયી સમિતિની રચનાને મુદ્દે પાટનગરમાં આજે અનેક તર્ક-વિતર્ક સાથે રાજકીય ચર્ચાઓ દિવસભર જોવા મળી હતી.

મેયરપદ અનુ. જાતિ માટે અનામત રાખવામાં આવેલ છે. પાંચ અનામત બેઠકો પર ભાજપના ઉમેદવાર વિજયી થયા છે. આ પદ પુરૂષ કે મહિલા માટે અનામત રાખવામાં આવે છે તેવી કોઈ સ્પષ્ટતા ન હોવાથી રાજકીય ચર્ચાઓ વધુ જોવા મળી રહી છે. ભાજપમાંથી બે પુરૂષ અને ૩ મહિલાઓ અનામત બેઠક પર વિજયી થયેલ છે.

ડે. મેયર અને સ્થાયી સમિતિના ચેરમેનપદ માટે જ્ઞાતિ સમીકરણને ધ્યાને લેવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે. સ્થાયી સમિતિ અને ડે. મેયર પદ માટે દાવેદારોની સંખ્યા વધી જવા પામી છે.

આજે મોડી રાત્રે પ્રદેશ નેતાઓની બેઠકમાં આ અંગે નિર્ણય લઈ બંધ કવર કરી દેવામાં આવશે. કાલે સામાન્ય સભામાં જ આ કવર અને મેન્ડેટ આપવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

મનપામાં અન્ય સમિતિઓની રચના કરવા માટેની કવાયત પણ પ્રથમ સભા બાદ તુરત જ હાથ ધરવામાં આવશે અને દિપાવલી પછીની મળનાર સામાન્ય સભામાં ત્રણથી ૪ જેટલી સમિતિના નિયમોને બહાલી આપી તેની રચના કરવામાં આવશે તેમ જાણકાર સૂત્રોમાંથી જાણવા મળેલ છે. સમિતિઓની રચના કરતા પૂર્વે તેના નિયમો તૈયાર કરવા અને મંજૂર કરવા જરૂરી હોવાથી નવી સમિતિઓની રચના દિપાવલી પર્વ પછી કરાશે.

નવી સમિતિઓ જે રચવામાં આવી શકે છે તેમાં આરોગ્ય, સેનીટેશન, મહિલા બાળ કલ્યાણ તેમજ ટાઉન પ્લાનીંગ અને ઉદ્યોગ સમિતિ તેમજ રિક્રીએશન કમિટીનો સમાવેશ થાય છે.

જો કે હાલ તો મનપા પાસે માત્ર સફાઈની કામગીરી છે પરંતુ બજેટમાં મહોલ્લા ક્લીનીક શરૂ કરવાના સરકારના નિર્ણયને પગલે હાલની ચાર અર્બન હેલ્થ સેન્ટર સિવાય આરોગ્ય સેવાઓનો વિસ્તાર આગામી દિવસોમાં થશે. ટાઉન પ્લાનીંગની સત્તાઓ અને સેવાઓ પણ સીમીત આપવામાં આવી છે. આ ઉપરાંત મહિલા-બાળ કલ્યાણ સમિતિની પણ રચના થઈ શકે છે.

મળતી વિગતો પ્રમાણે બગીચાઓના રિનોવેશન પછી બાલોદ્યાન સહિતના બગીચાઓ મનપા પાસે આવ્યા હોવાથી ઉદ્યાન તેમજ રિક્રીએશન સમિતિ રચવામાં આવી શકે છે. જે રંગમંચોનું સંચાલન મનપા દ્વારા થઈ રહ્યુ છે.

દરમ્યાન પક્ષના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સ્થાયી સમિતિમાં દરેક વોર્ડમાંથી એકને પ્રતિનિધિત્વ મળે તે જોવામાં આવશે. ગાંધીનગર મનપાના ૧૧ વોર્ડ છે. જેથી કોઈને અન્યાય થાય નહિ. આ ઉપરાંત સ્થાયી સમિતિમાં ૫૦ ટકા મહિલાઓને પણ સ્થાન મળી શકે છે જેથી તેમને આગામી અઢી વર્ષ મેયર પદ મહિલા માટે અનામત હોવાથી અનુભવ મળી શકે.

આજે સામાન્ય સભામાં માત્ર ને માત્ર મેયર-ડે. મેયર અને સ્થાયી સમિતિના સભ્યોની જ પસંદગી કરાશે.

# આ વર્ષે ધનતેરસ-કાળી ચૌદશ સાથે ઉજવાશે

**અગિયારસ અને વાઘ બારસ ભેગા છે તથા ધનતેરસને દિવસે જ કાળી ચૌદશ મનાવાશે**

ગાંધીનગર, તા. ૨૦

આ વખતે નવરાત્રી નવ દિવસના બદલે આઠ દિવસની હતી. એક તિથિનો ક્ષય હતો એ જ રીતે દિવાળીમાં પણ એક તિથિનો ક્ષય રહેશે. દીપાવલીના શુભ તહેવારમાં આ વર્ષે તિથિના ક્ષયને કારણે બે તિથિ એક જ દિવસે હોવાની સ્થિતિ સર્જાઈ છે. આ વર્ષે દિવાળીના મહાપર્વમાં અગિયારસ અને વાઘબારસ ભેગા છે તથા ધનતેરસને દિવસે જ કાળીચૌદશ મનાવાશે. તારીખ ૧ નવેમ્બરને સોમવારથી જ દીપાવલી મહાપર્વની શરૂઆત થશે.



આ વર્ષે ચૌદશની તિથિનો ક્ષય હોવાને કારણે સોમવારે ૧ નવેમ્બરે રમા એકાદશી અને વાઘબારસ મનાવાશે. જ્યારે મંગળવારે તારીખ ૨ ના રોજ સવારે ૧૧.૩૧ સુધી વાઘબારસની તિથિ છે અને ત્યારબાદ તેરસની તિથિ છે. આમ તેરસનું મહત્વ સાંજના પ્રદોષકાળે હોવાથી મંગળવારે બારસના દિવસે જ ધનતેરસ મનાવાશે.

તારીખ ૩ નવેમ્બરને બુધવારે સવારે ૯.૦૨ સુધી જ તેરસની તિથિ છે અને તેરસના દિવસે જ ચૌદશની તિથિ બેસી જાય છે. ચૌદશની તિથિનો ક્ષય હોવાથી બુધવારે તેરસના દિવસે જ કાળી ચૌદશ મનાવાશે. જ્યારે દિવાળી તારીખ ૪ નવેમ્બરે ગુરૂવારે અમાસના દિવસે જ મનાવાશે.

### ● ૨૮મીના રોજ પુષ્યામૃત યોગ

જ્યોતિષવિદોના કહેવા મુજબ આસો વદ ૭ ને તારીખ ૨૮ ને ગુરૂવારે પુષ્યામૃત યોગ છે. સવારે ૯.૪૨ થી પ્રારંભ થતા આ શુભ યોગમાં સોના-ચાંદી, વાહન ખરીદી, પૂજન માટેના ચોપડાની ખરીદી માટે શ્રેષ્ઠ યોગ માનવામાં આવે છે. અવકાશમાં કુલ ૨૭ નક્ષત્ર છે અને તેમાં પુષ્ય નક્ષત્રને સૌથી શુભ અને માંગલિક મનાય છે. પુષ્યને નક્ષત્રનો રાજા પણ કહે છે. આ નક્ષત્ર એટલું શુભ છે કે જે દિવસે આ નક્ષત્ર પડે તે દિવસ પંચાંગ જોયા વગર પણ શુભ કાર્ય કરી શકાય છે. જ્યારે પણ ગુરૂવારના દિવસે પુષ્ય યોગ બને છે તો એ દિવસને ગુરૂ પુષ્ય યોગ કહેવાય છે. આ દિવસે પૂજા પાઠ સિવાય ખરીદી કરવી પણ ખૂબ જ શુભ મનાય છે.

### ● દિપાવલીના તહેવારો

| તારીખ | તહેવારો |
| --- | --- |
| ૨૮ ઓક્ટો. | કાલાષ્ટમી |
| ૧ નવેમ્બર | રમા એકાદશમી અને વાઘબારસ |
| ૨ નવેમ્બર | વાઘબારસ અને ધનતેરસ |
| ૩ નવેમ્બર | ધનતેરસ અને કાળીચૌદશ |
| ૪ નવેમ્બર | દિવાળી મહાપર્વ શારદાપૂજન |
| ૫ નવેમ્બર | નૂતન વર્ષ |
| ૬ નવેમ્બર | ભાઈબીજ |
| ૯ નવેમ્બર | લાભપાંચમ |

### ● દીપાવલીના શુભ મુહૂર્ત

**ચોપડા લાવવાના મુહૂર્ત**
તા. ૨૮-૧૦-૨૧ ગુરૂવાર
સવારે ૯.૪૩ થી પુષ્ય નક્ષત્ર
ગુરૂ પુષ્ય નક્ષત્ર શુભ સમય
સવારે ૧૧ થી બપોરે ૩.૧૫
સાંજે ૪.૪૫ થી રાત્રે ૯.૧૦

**- ધનતેરસ (લક્ષ્મીપૂજન)**
તા. ૨-૧૧-૨૧ મંગળવાર
સવારે ૯.૩૫ થી બપોરે ૧.૪૦
બપોરે ૩.૧૫ થી સાંજે ૪.૩૦
સાંજે ૭.૪૦ થી રાત્રે ૯.૧૦
રાત્રે ૧૦.૫૦ થી મધ્યરાત્રી ૩.૩૦

**- કાળી ચૌદશ (ભક્તિ, જાપ, સાધના)**
તા. ૩-૧૧-૨૧ બુધવાર

**- દિવાળી (ચોપડા પૂજન, દિપોત્સવ)**
તા. ૪-૧૧-૨૧ ગુરૂવાર
સવારે ૬.૫૦ થી ૮.૧૦
સવારે ૧૧ થી બપોરે ૩.૧૦
સાંજે ૪.૪૦ થી રાત્રે ૯.૦૫
મધ્યરાત્રી ૦૦.૩૦ થી ૨.૦૦
મધ્યરાત્રી ૩.૪૦ થી ૬.૩૦

**- નૂતન વર્ષ વિ.સં. ૨૦૭૮**
તા. ૫-૧૧-૨૧ શુક્રવાર
સવારે ૬.૫૦ થી ૧૦.૫૦
બપોરે ૧૨.૨૫ થી ૧.૪૫

**- ભાઈબીજ**
તા. ૬-૧૧-૨૧ શનિવાર,
સવારે ૮.૧૫ થી ૯.૩૫
બપોરે ૧૨.૩૦ થી સાંજે ૪.૪૦

## મનપા દ્વારા ૨૨ મીએ રાયસણ ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

આગામી ૨૨ મી ઓક્ટો.ના રોજ રાયસણ ખાતે આવેલ સાંસ્કૃતિક હોલ ખાતે મનપાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાશે.

રાજ્ય સરકારે ૨૨ મીથી સેવાસેતુના સાતમા તબક્કાનો આરંભ કરવાની કરેલી જાહેરાતના પગલે મનપાનો સેવાસેતુ રાયસણ ખાતે યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ સેવાસેતુમાં ૫૬ પ્રકારની વિવિધ સેવાઓનો સીધો લાભ લાભાર્થીને આપવામાં આવશે. સેવાસેતુના આયોજનને આજે તંત્ર દ્વારા આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે એટલુ જ નહિ આ માટે વિવિધ કામગીરી અંગે કર્મચારીઓના હુકમો પણ કરી દેવામાં આવ્યા છે.

આ સેવાસેતુના કાર્યક્રમને સંભવતઃ જિલ્લાના પ્રભારી મંત્રી અને રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવી દિપ પ્રગટાવી ખુલ્લો મુકશે. આ કાર્યક્રમના આયોજનને પણ આખરી ઓપ આપવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરની હદ વધારવામાં આવ્યા બાદ રાયસણ ખાતે સાતમા તબક્કાનો પ્રથમ સેવાસેતુ યોજાઈ રહ્યો છે. આ પછી વોર્ડવાર આ સેવાસેતુ યોજવામાં આવશે. આ સેવાસેતુ માટે નવા ચૂંટાઈને આવેલા કાઉન્સીલરોને પણ હાજર રહેવા માટેના નિમંત્રણ પત્રો મોકલવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

## સભાખંડમાં વોર્ડવાઈઝ બેઠક વ્યવસ્થા ઉભી કરવામાં આવી

**પ્રેક્ષક-પત્રકાર દીર્ઘા માટે પાસ : સભાખંડમાં પ્રવેશ પહેલા થર્મલ ગનથી સ્ક્રીનીંગ કરાશે : ચેમ્બરો અને સભાખંડની સફાઈ કામગીરી પૂર્ણ**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગર પાલિકાના ત્રીજા બોર્ડની આજે પ્રથમ સભા સેવાસદનના ચોથા માળે આવેલ સામાન્ય સભાના ખંડમાં મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલના અધ્યક્ષપદે મળશે.

આ પ્રથમ સભામાં મેયર-ડે. મેયર અને સ્થાયી સમિતિના ૧૨ સભ્યોની પસંદગી કરવામાં આવશે.

સેવાસદનના ચોથા માળે સભાખંડને નવા રૂપરંગ સાથે તૈયાર કરી દેવામાં આવ્યો છે. અગાઉ આ સભાખંડમાં ૩૨ સભ્યો હતો તેની બેઠક વ્યવસ્થામાં સુધારો કરી ૪૪ સભ્યોની બેઠક વ્યવસ્થા તૈયાર કરવામાં આવી છે.

સભ્યોની સંખ્યા વધતાં પ્રેસ ગેલેરી તેમજ પ્રેક્ષક દીર્ઘા નાની કરવામાં આવી છે. આ સભાખંડમાં પ્રવેશ નિમંત્રણ માટેની વ્યવસ્થા પણ તંત્ર દ્વારા કરવામાં આવી છે.

સામાન્ય સભામાં હાજરી આપવા માટે આવતા સભ્યોનું થર્મલ ગનથી સ્ક્રીનીંગ કરવામાં આવશે. પ્રેસ ગેલેરી તેમજ પ્રેક્ષક દીર્ઘામાં હાજર રહેવા માટે મનપાના સચિવ કાર્યાલય દ્વારા ખાસ પાસ આપવામાં આવશે તેમને જ પ્રવેશ આપવામાં આવશે.

મનપાના તંત્ર દ્વારા મેડીકલ ટીમને પણ સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે આ સભાખંડની બેઠક વ્યવસ્થા વોર્ડવાર કરવામાં આવી છે. વોર્ડવાઈઝ સભ્યોએ તેમનુ સ્થાન લેવાનુ રહેશે. આ પછી વિપક્ષ માટે અલગ વ્યવસ્થા કરાશે તેમ જાણવા

● અનુસંધાન પાન-૭ પર

## ગુડા સરગાસણ અને વાવોલમાં નવા ઉદ્યાનો નિર્માણ કરશે

**ગુડાની બોર્ડ બેઠકમાં મહત્વના નિર્ણયો લેવાયા : બગીચા નિર્માણ પાછળ રૂ ૧૩.૫૦ કરોડનો ખર્ચ કરાશે : સરગાસણમાં સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ બનશે : માર્ગ નિર્માણના કામો પણ હાથ ધરાશે**



ગાંધીનગર તા ૨૦

ગુડાની આજે મળેલી બોર્ડ બેઠકમાં મહત્વના નિર્ણયો લેવાયા હતા જેમાં ગાંધીનગરની જેમ ગુડા વિસ્તારમાં પણ વધુ હરિયાળી નિખરે તે માટે ટી પી વિસ્તારમાં નવા ઉદ્યાનોનુ નિર્માણ કરવા નિર્ણય કરવામાં આવ્યો હતો. વાવોલ અને સરગાસણમાં વિવિધ પ્લોટમાં બગીચાઓ બનાવાશે. જયારે સરગાસણમાં સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ બનાવાની યોજનાને પણ બોર્ડ બેઠકમાં મંજુરી આપવામાં આવી હતી. આ ઉપરાંત માર્ગ સુધારણા તેમજ માર્ગ નિર્માણના કામો હાથ ધરવા માટે પણ બોર્ડ બેઠકમાં નિર્ણય લેવાયો હતો.

ગુડાની આજે મળેલી બોર્ડ બેઠકમાં સરગાસણમાં લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાની માંગણી અન્વયે સરકારની લેન્ડ ડિસ્પોઝલ કમિટીમાં કિંમત નક્કી કરીને ફાળવણી કરવાનો નિર્ણય કરાયો હતો. આ ઉપરાંત ગુડા વિસ્તારમાં રમત ગમતની વૃતિ પ્રવૃતિને વેગ આપવા માટે પ્લોટ વિકસાવવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. જેને અનુલક્ષીને ગુડાના સરગાસણ વિસ્તારમાં પ્લોટ નં ૧૫૪ માં સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ બનાવાનુ પણ આયોજન કરાયુ છે. જયારે સ્પોર્ટ્સ કોમ્પલેક્ષને અનુલક્ષી બોર્ડ બેઠકમાં સૈધ્ધાંતિક મંજુરી આપવાની પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવામાં આવી છે. ટી પી સ્કીમ ૧૩ વાવોલમાં આસપાસમાંથી પસાર થતા સ્ટેટ હાઈવે અને જિલ્લાના માર્ગોને અપગ્રેડ કરવામાં આવી રહ્યા છે જેને અનુલક્ષીને અડાલજ ઉવારસદ વાવોલ ૪૫ મીટર પહોળાઈ ધરાવતા બાયપાસ રોડ જે આર સી સી કરવામાં આવી રહ્યો છે. જેના લીધે આસપાસના ટી પી માર્ગોને પણ લીંક મળશે. આ માટે ૪૫ મીટરના માર્ગ પર બોક્ષ કલ્વર્ડ બનાવવા પણ બેઠકમાં મંજુરી આપી દેવામાં આવી છે. ગુડાની બોર્ડ બેઠક દરમિયાન અનામત પ્લોટમાં બગીચા બનાવાનો પણ નિર્ણય લેવાયો છે. જેમાં સરગાસણના ટી પી સાત અને ટી પી ૯ તેમજ વાવોલના વિવિધ પ્લોટમાં બગીચા નિર્માણ કરવામાં આવશે. ગુડા વિસ્તારમાં હરિયાળી અને સુંદરતા નિખરે તે માટે ગ્રીન સીટીના કન્સેપ્ટને વેગ આપવા બોર્ડ બેઠકમાં બગીચા નિર્માણની યોજનાને મંજુરી આપવામાં આવી છે. જયારે આ માટે રૂ ૧૩.૫૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. આ ઉપરાંત ગુડા વિસ્તારમાં માર્ગોની બાકી કામગીરી તેમજ નવીન ટી પી વિસ્તારમાં માર્ગોના નિર્માણનુ કામ હાથ ધરવા માટે પણ આયોજન કરાયુ છે. ગાંધીનગરના હાઈવેથી ઉત્તર અને દક્ષિણ વિસ્તારની જુદી જુદી ટી પી ના ભાગોમાં માર્ગ નિર્માણ તેમજ માર્ગોની મરામતનુ કામ પણ હાથ ધરવા આયોજન કરાયુ છે. બોર્ડ બેઠક દરમિયાન આ કામગીરીને પણ વહીવટી મંજુરી આપવામાં આવી છે. જેમાં સ્ટોર્મ વોટર લાઈનના અંતે માર્ગોના વાઈડનીંગનુ કામ તેમજ તુટેલા માર્ગોને પણ યોગ્ય કરાશે આ ઉપરાંત વાવોલમાં આર સી સી માર્ગ માટે પણ રૂ ૧.૧૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

# શહેર-જિલ્લાના માર્ગોના ૧૮ બ્લેક પોઈન્ટ પર વાહન ચાલકોની જિન્દગીને ખતરો

**શહેરમાં ચ-માર્ગ પર બીએસએનએલ પાસેનો કટ અને ઘ-દોઢ પાસે ક્રોસ માર્ગ પર અકસ્માત ઝોનમાં : માર્ગ સલામતીને અનુલક્ષી હજુ સુધી અસરકારક પગલા લેવાયા નથી**

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગર શહેરમાં પૈડા પરની જિન્દગી જોખમી બની છે. છેલ્લા એક દાયકાથી વાહનોની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો છે જેના લીધે માર્ગો પર પુરપાટ દોડતા વાહનોની સાથે ટ્રાફિકનો સિનારિયો પણ બદલાયો છે. શહેરમાં ટ્રાફિક સિગ્નલ જબુકતા થયા બાદ પણ ગતિ નિયંત્રણનો મુદ્દો હજુ હવામાં છે. બેફામ દોડતા વાહનો અકસ્માત નોંતરે છે. આ સ્થિતિ વચ્ચે માર્ગ સલામતીના પરિબળો પણ સપ્તાહની ઉજવણી પુરતા સમિત થઈ ગયા છે. ટ્રાફિક અને આર ટી ઓ તંત્રએ શહેર તેમજ આસપાસના વિસ્તારમાં રોડ સેફટીના મામલે જોખમી તેવા ૧૮ બ્લેક પોઈન્ટ ઓળખી માર્ગ સલામતીને જોખમમાં મુકતા પરિબળોને ડામવા પ્રયાસ કર્યો છે. શહેરમાં પણ ચ માર્ગ પર બી એસ અને એલ અને ઘ દોઢ હાઈટેક હોસ્પિટલ પાસેનો ક્રોસ રોડ બ્લેક પોઈન્ટ તરીકે ઓળખાય છે. માર્ગ અકસ્માતો નિવારવા માટે અસરકારક પગલા લેવાય તે અનિવાર્ય છે.

ગાંધીનગરમાં છેલ્લા એક દાયકાથી વાહનોની સંખ્યા વધી છે. શહેરના મુખ્યમાર્ગો પર ટ્રાફિકનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. મેગાસીટીની જેમ ટ્રાફિક જામના દ્રશ્યો પણ જોવા મળી રહ્યા છે. જયારે હવે શહેરમાં ટ્રાફિક સિગ્નલ પણ કાર્યરત થતા લાલ પીળી લાઈટો પણ ઝબુકતી થઈ છે. શહેરની સાથે આસપાસના હાઈવે વિસ્તારમાં પણ ટ્રાફિકની અવરજવર વધી છે. અવનવી કાર્સની સાથે ભારે વાહનો પણ દોડતા જોવા મળે છે. જેના લીધે ગાંધીનગર અમદાવાદ તેમજ ચિલોડા હીંમતનગર સહીત કલોલ અને માણસા વિસ્તારને જોડતા માર્ગો પર પણ ટ્રાફિક સિનારિયો બદલાયો છે. જેના લીધે શહેર તેમજ જિલ્લાના વિવિધ માર્ગો પર રોડ સેફટી માર્ગોની જેમ ચિથરેહાલ છે. ગાંધીનગર શહેરમાં છેલ્લા બે દાયકાથી મુખ્યમાર્ગો પર અસ્તિત્વ ધરાવતા ક્રોસ રોડ પણ અકસ્માતનુ કારણ બન્યા છે. નગરના મુખ્યમાર્ગો પર બેફામ દોડતા વાહનો ગમે ત્યારે અકસ્માતને ભેટે છે. અત્યાર સુધી માર્ગ અકસ્માતના મૃત્યુઆંક પણ ચિંતાજનક છે. શહેરમાં માર્ગ સલામતીને સ્પર્શતા પરિબળો સંદર્ભે હજુ સુધી કોઈ અસરકારક પગલા લેવાયા નથી શહેરના મુખ્યમાર્ગો પર સ્થિત ક્રોસ રસ્તાઓને બંધ કરવાની વાત પણ હજુ અધ્ધરતાલ છે. જયારે નવા અન્ડર પાસના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. પરંતુ જુના ભુગર્ભ રસ્તાઓ ખોલવામાં આવતા નથી. ગાંધીનગર તેમજ આસપાસના વિસ્તારમાં માર્ગ સલામતી હજુ જોખમાયેલી છે. પરંતુ માર્ગ સલામતી સપ્તાહની દરવર્ષની ઉજવણીના અંતે પણ કોઈ અસરકારક પગલા લઈ શકાયા નથી. માર્ગ સલામતીનો અભિગમ પણ જાણે દંડ વસુલી અને સપ્તાહની ઉજવણી પુરતો સમિતિ બની ગયો છે. અગાઉ તંત્ર દ્વારા માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી બ્લેક પોઈન્ટ પણ આઈડેન્ટીફાઈ કરાયા હતા. જેમાં કુલ ૧૮ જેટલા બ્લેક પોઈન્ટની ઓળખ કરવામાં આવી છે. જે ઠેકાણે વારંવાર અકસ્માત થાય છે. શહેરમાં મુખ્યત્વે ચ રોડ પર બી એસ એન એલ ના ક્રોસ રોડ પણ બ્લેક પોઈન્ટ તરીકે ઓળખાયો છે. આ ઉપરાંત ઘ દોઢ હાઈટેક હોસ્પિટલ પાસેનો ક્રોસ પોઈન્ટ પણ અકસ્માત ઝોન તરીકે ઓળખાય છે. જયારે શહેરી વિસ્તારની બાઉન્ડ્રી બહાર કોબા સર્કલ, કુડાસણ પાટીયા, ભાઈજીપુરા પાટીયા, વૈષ્ણોદેવી સર્કલ ચિલોડા હીંમતનગર રોડ પર ગિયોડ

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com